પાટનગરનું પોતાનું અખબાર


# ગાંધીનગર સમાચાર

૫૭મો ગુજરાત ગૌરવ દિવસ ૨૦૧૭

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૫૦ | ૧ મે, ૨૦૧૭, સોમવાર ; વૈશાખ સુદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦



## ન્યુઝ ટ્રેક

### નોર્થ કોરીયાનુ મિસાઈલ પરીક્ષણ ફરી નિષ્ફળ



નોર્થ કોરીયાએ શનિવારે વધુ એક બેલેસ્ટીક મિસાઈલ પરિક્ષણ કર્યુ હતુ. અહેવાલ મુજબ મીડીયમ રેન્જની મિસાઈલ હોવાથી લોન્ચ થયાની ગણતરીની મિનિટમાં બ્લાસ્ટ થઈ ગઈ હતી.

### ટ્રમ્પ સરકારના ૧૦૦ દિવસ પૂરા



અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે શનિવારે શાસનના ૧૦૦ દિવસ પૂરા કર્યા છે. ખાસ ઈન્ટરવ્યૂમાં ટ્રમ્પે જણાવ્યું હતું કે જેટલુ વિચાર્યુ હતુ તેટલુ રાષ્ટ્રપતિ પદ સહેલુ નથી પરંતુ ૧૦૦ દિવસમાં ઘણો બદલાવ કર્યાનો દાવો તેમણે કર્યો હતો.

### ભારતીય ક્રિકેટ ટીમને છ મહિનાથી પગાર નથી ચુકવાયો

વિશ્વના સૌથી અમીર ક્રિકેટ



બોર્ડ બીસીસીઆઈએ છેલ્લા છ મહિનાથી ક્રિકેટ ટીમને વેતન ચુકવ્યુ નથી. બીસીસીઆઈના અધિકારીઓનું કહેવુ છે કે સુપ્રિમ કોર્ટ દ્વારા ગઠિત લોઢા કમિશનના મામલે વિલંબ થયો છે. જો કે ક્રિકેટરો કોઈ કોમેન્ટ કરવા તૈયાર નથી.

### એટીએમમાંથી નીકળેલી નોટમાં ગાંધીજીની તસવીર ગાયબ



મધ્યપ્રદેશના ચંબલ વિસ્તારમાં એસબીઆઈના એટીએમમાંથી ગાંધીજીના તસવીર વિનાની ૫૦૦ની નોટ નીકળી હતી, જ્યારે ગયા અઠવાડિયે આવી જ રૂ. ૨૦૦૦ની નોટ નીકળી હતી. નકલી નોટ પર લગામ લગાવવા નોટબંધી બાદ પણ બનાવટી ચલણી નોટો મળી આવે છે.

# લોકસભા-વિધાનસભા ચૂંટણી સાથે યોજવા દરખાસ્ત

**નીતિ આયોગ દ્વારા૨૦૨૪થી એક સાથે ચૂંટણી યોજવા માટે સૂચન કરાયું : પ્રસ્તાવને લાગૂ કરવાથી એક વખત કેટલીક વિધાનસભાની અવધિમાં ઘટાડો વધારો કરવાની ફરજ પડી શકે : ચૂંટણી પંચને રૂપરેખા તૈયાર કરવાનું સૂચન**

નવી દિલ્હી,તા. ૩૦

નીતિ આયોગે વર્ષ ૨૦૨૪થી લોકસભા અને વિધાનસભાની ચૂંટણીને એક સાથે કરાવવા માટેની દરખાસ્ત અથવા તો ભલામણ રજૂ કરી દીધી છે. પ્રચાર મોડના કારણે શાસન વ્યવસ્થામાં પડી રહેલી તકલીફોને ઓછી કરવાના હેતુસર તથા વિકાસ કામગીરીને ઝડપી બનાવવાના હેતુસર આ રજૂઆત કરવામાં આવી છે. આસંદર્ભમાં વિસ્તૃત માહિતી આપતા નીતિ આધારિત આ થિંક ટેંકે કહ્યું છે કે, આ પ્રસ્તાવને લાગૂ કરવાથી એક વખત કેટલીક વિધાનસભાઓની અવધિમાં ઘટાડો કરવામાં આવી શકે છે અથવા તો વધારો કરવામાં આવી શકે છે. રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ લોકસભા અને વિધાનસભાની ચૂંટણી એક સાથે કરાવવા માટેની તરફેણ કરી ચુક્યા છે. નરેન્દ્ર મોદી વારંવાર આ રજૂઆત કરી ચુક્યા છે. હવે નીતિ આયોગ પણ લોકસભા અને વિધાનસભાની ચૂંટણી એક સાથે કરાવવાની તરફેણ કરી દીધી છે. નીતિ આયોગે નોડલ એજન્સી અથવા તો ચૂંટણી પંચને આના પર ધ્યાન આપવા માટે કહી દીધું છે. એક સાથે ચૂંટણી માટે રુપરેખા તૈયાર કરવા માટે સંબંધિત રાજકીય પક્ષોના એક કાર્ય ગ્રુપની રચના કરવાની ભલામણ કરી છે. આ સંબંધમાં છ મહિનાની અંદર રિપોર્ટને અંતિમ રુપ આપી



દેવામાં આવશે. આના માટે અંતિમ માળખુ આગામી માર્ચ સુધી તૈયાર કરી લેવામાં આવશે. આ મુસદ્દા રિપોર્ટને ૨૩મી એપ્રિલના દિવસે નીતિ આયોગની ગર્વનિંગ કાઉન્સિલના સભ્યો વચ્ચે રજૂ કરવામાં આવી હતી. આ સભ્યોમાં તમામ રાજ્યોના મુખ્યમંત્રી અને અન્ય લોકો સામેલ છે. નીતિ આયોગના મુસદ્દા રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, ભારતમાં તમામ ચૂંટણી સ્વતંત્ર, નિષ્પક્ષ અને સમકાલીનરીતે થવા જોઈએ જેથી શાસન વ્યવસ્થામાં ફાયદો થશે. વિકાસની ગતિને ઝડપથી વધારી શકાશે. ૨૦૨૪ની ચૂંટણીથી આ દિશામાં કામ કરવામાં આવી શકે છે. રાષ્ટ્રપતિએ મતદાતા દિવસના પ્રસંગે સંબોધનમાં કહ્યું હતું કે, લોકસભા અને વિધાનસભાની ચૂંટણી સાથે કરાવવાથી જંગી ખર્ચને બચાવી શકાશે. સાથે સાથે મેનેજમેન્ટ સાથે જોડાયેલી પરેશાનીઓને ઓછી કરી શકાશે. રાષ્ટ્રપતિએ ચૂંટણી પંચને આ મુદ્દા પર રાજકીય પક્ષોને એક મંચ ઉપર લાવવા અપીલ કરી હતી.

● અનુસંધાન પાન-૭ પર

# નક્સલીઓ સામે આરપારની લડાઈ માટે બ્લ્યુ-પ્રિન્ટ તૈયાર

**રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર દોભાલને જવાબદારી : છત્તીસગઢના સુકમામાં નક્સલી હુમલા બાદ કેન્દ્ર સરકારે નક્સલીઓનો ખાત્મો કરવા કઠોર રણનીતિ તૈયાર કરી**

નવીદિલ્હી, તા. ૨૮

સુકમાના ભેજ્જી અને બુરકાપાલમાં નક્સલી હુમલામાં અનેક જવાનોને ગુમાવી દીધા બાદ હવે સરકાર બસ્તરમાં નક્સલીઓની સામે સર્જિકલ હુમલા કરવાની તૈયારી કરી લીધી છે. મીડિયા સુત્રોમાં જણાવ્યા મુજબ સુકમામાં નક્સલવાદીઓના ખાત્માની જવાબદારી રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત દોભાલ સંભાળી શકે છે. છત્તીસગઢના સુકમામાં સીઆરપીએફ ઉપર નક્સલી હુમલા બાદ કેન્દ્ર સરકારે નક્સલવાદનો સામનો કરવા માટે કઠોર રણનીતિ બનાવવાની



તૈયારી હાથ ધરી છે. એમ માનવામાં આવે છે કે, આજ ક્રમમાં નક્સલવાદીઓને ચારેબાજુથી ઘેરવા માટે કેન્દ્રીય ગૃહમંત્રાલયના નક્સલી મામલામાં જાણકાર વિજય કુમારે સુકમા અને ડીજી નક્સલ ઓપરેશન ડીએમ અવસ્થીએ બીજાપુરમાં પહોંચીને ચકાસણી હાથ ધરી છે. રાષ્ટ્રીય તપાસ સંસ્થાના ડીજી શરદ કુમારની ગુપ્ત રિપોર્ટ બાદ વિજય કુમારને ફરી છત્તીસગઢ મોકલવામાં આવ્યા છે. સુકમા અને બીજાપુરમાં પોલીસ અને અર્ધલશ્કરી દળોના ટોચના અધિકારીઓની બેઠકમાં નક્સલીઓની સામે ચલાવવામાં આવનાર અભિયાન માટે નવા બ્લુપ્રિન્ટ તૈયાર કરવામાં આવ્યા છે. ઓપરેશનને તીવ્ર બનાવવા માટે માર્ગ નિર્માણમાં જોડાયેલા જવાનોને પરત બોલાવી લેવામાં આવ્યા છે.

# વીઆઈપી નહિ ઈપીઆઈ અપનાવીએ : મોદી



**મન કી બાત કાર્યક્રમમાં અનેક મુદ્દા ઉપર ચર્ચા : ઇપીઆઈ એટલે એવરી પર્સન ઇમ્પોર્ટન્ટ : સબકા સાથ સબકા વિકાસનો ઉદ્દેશ્ય પડોશી દેશો માટે પણ છે : મોદી**

નવીદિલ્હી, તા. ૩૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મન કી બાત કાર્યક્રમમાં જુદા જુદા વિષય ઉપર વિસ્તારપૂર્વક વાત કરી હતી. મન કી બાત કાર્યક્રમના ૩૧માં એપિસોડમાં મોદીએ યુવાનો, વિદ્યાર્થીઓ સાથે પણ વાત કરી હતી. આ કાર્યક્રમ પીએમઓના યુટ્યુબ ચેનલ, માહિતી અને પ્રસારણ મંત્રાલય અને ડીડી ન્યુઝ ઉપર પણ દર્શાવવામાં આવતા લોકોએ વધુ સાંભળવાની તક ઝડપી હતી. મોદીએ કહ્યું હતું કે, સબકા સાથ સબકા વિકાસનો હેતુ માત્ર ભારતના લોકો માટે જ નહીં બલ્કે પડોશી દેશો માટે પણ છે. મોદીએ પોતાના વિદેશ પ્રવાસ, જુદા જુદા મહાનુભાવોની જન્મજયંતિ, વીઆઈપી કલ્ચર, ભીમ એપ્સ, નવી ડિજિટલ ક્રાંતિ, વેકેશનના ગાળા દરમિયાન પ્રવાસના સંદર્ભમાં વિસ્તારપૂર્વક વાત કરી હતી. મોદીએ કહ્યું હતું કે, વીઆઈપી કલ્ચરને ખતમ કરવામાં આવ્યા બાદ તમામ વર્ગ તરફથી લોકો અભિનંદન આપી રહ્યા છે પરંતુ લાલબત્તીની વીઆઈપી પરંપરા હાલમાં સંપૂર્ણપણે

● અનુસંધાન પાન-૭ પર


# નિવૃત્ત કર્નલના નિવાસસ્થાનેથી ૫૦ હજાર કારતુસ અને ૪૦ રાયફલ જપ્ત

**એક કરોડ રોકડ પણ જપ્ત કરાઈ : બાતમીના આધાર પર દરોડા બાદ ૧૬ કલાક સુધી ઉંડી તપાસ ચાલી : નિવૃત્ત કર્નલના પુત્રની ઉંડી શોધખોળ જારી**

મેરઠ, તા. ૩૦

ઉત્તર પ્રદેશના મેરઠમાં નિવૃત્ત કર્નલના આવાસ પર દરોડા દરમિયાન મોટાપાયે હથિયારોનો જથ્થો અને રોકડ રકમ મળી આવ્યા બાદ ઉંડી તપાસનો દોર ચાલી રહ્યો છે. ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલીજન્સ દ્વારા વધુ તપાસ ચાલી રહી છે. કેટલીક ચોંકાવનારી વિગતો આગામી દિવસોમાં ખુલે એમ માનવામાં આવે છે. કર્નલના આવાસ ઉપર દરોડા દરમિયાન રોકડ રકમ, હથિયારોનો જથ્થો મળી આવ્યો હતો. પ્રાપ્ત માહિતી મુજબ ૫૦૦૦૦

● અનુસંધાન પાન-૭ પર

આજે પુષ્યનક્ષત્રમાં સુવર્ણપ્રાશન સ્વસ્થ રહે બાળકોનાં તન-મન

બાળકોના શારીરિક-માનસિક વિકાસ માટે પુષ્યનક્ષત્રમાં સુવર્ણપ્રાશનના ટીપાં પીવડાવો.

પુષ્પ જેવાં બાળકોને પુષ્યનક્ષત્રમાં આયુર્વેદિક ઔષધિઓમાંથી તૈયાર કરાયેલા શુધ્ધ સુવર્ણપ્રાશનના ટીપાં પીવડાવો અને બાળકોની રોગપ્રતિકારક શકિત વધારો.

MNM WellCARE આયુર્વેદિક દવાઓ

PARAM

શ્રી ભુવનેશ્વર મહાદેવ મંદિરની સામે, શોપીંગ સેન્ટર, સેક્ટર-૬ ડી, ગાંધીનગર.
મનોજ એમ. ત્રિવેદી ફોન નં. ૦૭૯-૨૩૨૪૧૪૧૫, ૯૮૭૯૩ ૪૮૦૪૮

કલ્પેશ બ્રહ્મભટ્ટ દ્વારા સંચાલિત
ગાંધીનગર અને ઉત્તર ગુજરાતની સૌથી મોટી સ્ટુડન્ટ વિઝા કન્સલ્ટન્સી

અમારી નવીન શાખા

Pearson VUE
Authorised Test Centre Select
& PTE LEARNING CENTER

ના શુભારંભ
પ્રસંગે આપ સૌને નિમંત્રણ છે.

તારીખ : ૨-૫-૨૦૧૭, મંગળવાર
સમય : સવારે ૯:૩૦ કલાકે



ઉદ્દ્ઘાટક :
શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા
માન. મંત્રીશ્રી, શિક્ષણ
(પ્રાથમિક, માધ્યમિક, પ્રૌઢ, ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ)

: દિપ પ્રાગટ્ય :
શ્રી જયંતિભાઈ બારોટ
માન. ચેરમેનશ્રી, પછાત વર્ગ નિમગ બોર્ડ

: મુખ્ય મહેમાન :
શ્રી ભરતસિંહ ડાભી
માન. સંસદીય સચિવશ્રી, ગુજરાત રાજ્ય

: અતિથિ વિશેષ :
શ્રી આશિષભાઈ દવે
માન. ચેરમેનશ્રી, ગુડા
શ્રી ગૌતમભાઈ શાહ
માન. મેયરશ્રી, અમદાવાદ
ડૉ. ઋત્વિજભાઈ પટેલ
માન. પ્રમુખશ્રી
ગુજ. પ્રદેશ યુવા મોરચા, ભાજપ

: વિશેષ ઉપસ્થિતિ :
શ્રી વિનુભાઈ ભેરવિયા
માન. જસ્ટીસ, મેનેજીંગ ટ્રસ્ટી, ડૉ. બી.આર. આંબેડકર એજ્યુકેશન સોસાયટી
શ્રી અશોકભાઈ પટેલ
માન. ધારાસભ્યશ્રી, ગાંધીનગર
શ્રી ઘનશ્યામભાઈ અમીન
માન. પ્રમુખ, ડૉ. બી.આર. આંબેડકર એજ્યુકેશન સોસાયટી

KALPESH BRAHMBHATT
An ISO 9001:2008 Certified Co.
STORM®
A Global Educational Consulting Group
www.stormoverseas.com

બ્રાન્ચ-૧ : ૩૫૪-૨, શ્રેયસ સોસાયટી, ઘ-૫, પટેલ આઈસ્ક્રીમ પાસે, સેક્ટર-૨૨, ગાંધીનગર.

બ્રાન્ચ-૨ : સિદ્ધાર્થ લૉ કોલેજ કેમ્પસ, સેક્ટર-૧૬, ઘ-૫ પાસે, ગાંધીનગર.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

અમૂલ દૂધ પીતા હૈ ઈંડિયા



₹26*/500 mL
અમૂલ ગોલ્ડ
*MRP (incl. of all taxes). Transportation and cooling charges included. Conditions apply.
For any clarification please contact us on 079-23969055/56/57

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧